૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૪૪૧૧ (સંયુક્ત નિયામક)
૨૩૨૫૬૩૫૯ (હિસાબી અધિકારી)
૨૩૨૫૪૯૯૪ (ટી.સી.બ્રાંચ)
ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૯૭૬૦

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,

## ગુજરાત રાજ્ય

વિમા અને લેખા ભવન બ્લોક નં.૧૭,
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર-૩૮૨૦૧૦
E mail address:-supt-tc-dat@gujarat.gov.in

હિતિનિ/ટીસી/ફા.નં.૧૨૬/પે.આ.કા.નો./ /૨૬૮૮-૭૨૮/૨૧-૩૫૫ તા૧૪/૦૭/૨૦૧૬

વિષય:- પેન્શનરો પાસેથી તેઓના આધાર કાર્ડની નકલ મેળવી પી.પી.ઓ./લેજરમા નોંધ કરવા બાબત

સંદર્ભ:- નાણા વિભાગનો તા.૧૯/૪/૨૦૧૬ નો પત્ર નં.તજર-૧૦૨૦૧૪-૧૬૭૧-ઝ

પરિપત્ર નં. ૨ /૨૦૧૬

આથી જણાવવાનુ કે નાણા વિભાગના સંદર્ભ દર્શિત પત્રમાં જણાવ્યાનુસાર રાજ્ય સરકાર દ્વારા જીવન પ્રમાણ-ડીઝીટલ લાઇફ સર્ટીફીકેટની પધ્ધતિ અમલમાં મુકવાનો સૈધ્ધાંતિક સ્વીકાર કરેલ છે. આ સબંધે પેન્શનરો પાસેથી તેઓના આધારકાર્ડ નંબરો મેળવી તેનો IFMS માં પેન્શનરોના ડેટા બેઝમાં સમાવેશ કરવાની કાર્યવાહી હાલ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં પ્રાયોગિક ધોરણે શરૂ કરવાની સુચના પ્રાપ્ત થયેલ હોય રાજ્યની તમામ તિજોરીમાંથી પેન્શનનું ચુકવણુ મેળવતા હાલના હયાત પેન્શનરો/કુટુંબ પેન્શનરો તથા પેન્શનના પ્રથમ ચુકવણા સમયે હાજર થતા પેન્શનરો/કુટુંબ પેન્શનરો પાસેથી Identyfication Authority of India એ ઇશ્યુ કરેલુ, યુનીક આઇડી નંબર ધરાવતા આધારકાર્ડની પ્રમાણિક નકલ મેળવી તે નંબરની નોંધ પેન્શન લેજર/PPO માં કરવાની રહેશે.પ્રથમ ચુકવણા સમયે પેન્શનરો આધારકાર્ડ રજુ ન કરેતો તેઓને ચુકવણુ અટકાવવું નહિ, ત્યારબાદ આધારકાર્ડની વિગત રજુ કરવા જણાવવું.

આ કાર્યવાહી સત્વરે હાથ ધરવાની રહેશે અને તા.૩૧/૮/૨૦૧૬ સુધીમાં પુર્ણ કરવાની રહેશે.

14.7.16
સંયુકત નિયામક

પ્રતિ,

શ્રેયાન /જિલ્લા/ તિજોરી અધિકારીશ્રી,પેન્શન ચુકવણા કચેરી ..........................................

નકલ રવાના:-

- સંયુક્ત નિયામકશ્રી EDP cell હિ.તિ.નિ. કચેરી, ગાંધીનગર
- નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી(પેન્શન).હિ.તિ.નિ.કચેરી,ગાંધીનગર
- સિલેક્ટ ફાઈલ